| | |
|---|---|
| દાખલ તારીખ | ૦૬–૦૧–૨૦૨૬ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૦૬–૦૧–૨૦૨૬ |
| ફેંસલ તારીખ | ૧૮–૦૬–૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ<br>૦૦ ૦૫ ૧૨ |

**મે. કુતિયાણાના જયુડી.મેજી. ફર્સ્ટ કલાસ સાહેબશ્રી ની અદાલતમાં, મું.કુતિયાણા.**

**ફોજદારી કેસ નંબર : ૧૦/૨૦૨૬**

**આંક–**

**ફરીયાદી** : શ્રી સરકાર...

**વિ રૂ ઘ્ઘ**

**આરોપી** : અશોકભાઈ ગોવિંદભાઈ ગલ,
ઉ.વ.૪૦, ધંધો:ખેતી
રહે. વાડોત્રા ગામ, તા. રાણાવાવ, જી. પોરબંદર

| | | |
|---|---|---|
| **ગુનો** | **:** | **એમ.વી.એકટની કલમ–૧૯૯(એ)(૧) મુજબ** |

---

ફરીયાદપક્ષ........તરફે : વિ.એ.પી.પી.શ્રી જે.કે.પંડયા.
આરોપીપક્ષ.......તરફે : વિ. વકીલ શ્રી એસ.ડી.પરમાર.

---

## ||| ઠ રા વ |||

(૧) આ કામે ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીએ ગઈ તા.૧૬/૦૯/૨૦૨૫ ના કલાક ૧૮:૧૫ વાગ્યાના સુમારે માજા પાસે નેશનલ હાઈવે રોડ પર પોતાના કબ્જાની હીરો હોન્ડા કંપનીની મોટર સાયકલ જેના રજી.નં. GJ-25-D-9555 ની પોતાના સગીર વયના દિકરા પિયુષ ઉ.વ. ૧૭ વર્ષ ૧૪ દિવસનાઓને સગીર વયનો હોવાનું તથા વાહન ચલાવવાનું ડ્રાઈવીંગ લાયસન્સ નહી હોવાનુ જાણવા છતા, પોતાના સગીર વયના પુત્રને વાહન ચલાવવા આપી ગુનો કરેલ. જે ગુનાની ફરીયાદ આ કામનાં ફરીયાદીએ કુતિયાણા પોલીસ સ્ટેશનમાં આપતા સદર ફરીયાદ રજીસ્ટરે લઈ આરોપી વિરૂઘ્ઘ એમ.વી. એકટની

કલમ-૧૯૯(એ)(૧) મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ. ત્યારબાદ તપાસ કરનાર અમલદારે સદર ગુનાની તપાસ હાથ ધરેલ અને તે તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતાં અત્રેની અદાલતમાં ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) ત્યારબાદ આ કામના આરોપીને અત્રેની કોર્ટ દ્વારા સમન્સની બજવણી કરવામાં આવેલ. જે સમન્સ બજી જતાં આરોપી હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલો મળી ગયાની ખાત્રી કર્યા બાદ આરોપી સામે ઉપરોકત ગુના સબબ **આંક-૦૪** થી પ્લી લેતાં આરોપીએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરેલ. જેથી ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) આ કામે ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલો છે.

**-: મૌખિક પુરાવો :-**

| **અનુ.નં.** | **આંક** | **સાહેદનું નામ** | **વિગત** |
|---|---|---|---|
| (૧) | ૦૭ | મેરામણ પાલાભાઈ ખોડભાયા | ફરીયાદી |
| (૨) | ૦૯ | પ્રકાશ ભીખન ભરાડીયા | પંચસાહેદ |
| (૩) | ૧૧ | આનંદ ખીમા સોંદરવા | પંચસાહેદ |
| (૪) | ૧૨ | હરેશભાઈ પરબતભાઈ વરૂ | ત.ક.અધિકારી |
| (૫) | ૧૫ | રામદે સવદાસભાઈ ભેડા | સાહેદ |

**-: દસ્તાવેજી પુરાવો :-**

| **અનુ.નં.** | **આંક** | **દસ્તાવેજની વિગત** |
|---|---|---|
| (૧) | ૦૮ | અસલ ફરીયાદ |
| (૨) | ૧૦ | અટક અંગે પુછપરછનું પંચનામુ |
| (૩) | ૧૩ | સગીર પીયુષ અશોકભાઈનુ સ્કુલ લીવીગ સર્ટીફીકેટ |
| (૪) | ૧૪ | આર.સી.બુકની નકલ |

(૪) ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફે મૌખિક રીતે પુરાવો પુરો થયાનુ જાહેર કરતા ફરીયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ રજુ થયેલ પુરાવો જોતાં

બી.એન.એસ.એસ. એકટની કલમ–૩૫૧ અન્વયે આરોપીનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ. ત્યારબાદ બંને પક્ષોની દલીલો સાંભળવામાં આવેલ છે. જેમાં વિ.એ.પી.પી.શ્રી ફરીયાદપક્ષે તેમનો કેસ નિ:શંકપણે સાબીત કરેલ હોય આરોપીને મહતમ સજા કરવા રજુઆત કરેલ છે. બચાવપક્ષે વિ.વ.શ્રીએ એવી દલીલ કરેલ છે કે, ફરીયાદપક્ષે પોલીસ સાહેદ સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોને તપાસેલ નથી જેથી માત્ર પોલીસ સાહેદના પુરાવા પર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.

(૫) ઉપરોકત કેસની હકીકત મુજબ અત્રેની અદાલત સમક્ષ ન્યાયિક નિર્ણય સારૂ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુ દ્દા ઓ ::–**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંક પણે પુરવાર કરે છે કે, આરોપીએ ગઈ તા.૧૬/૦૯/૨૦૨૫ ના કલાક ૧૮:૧૫ વાગ્યા ના સુમારે માંજા પાસે નેશનલ હાઈવે રોડ પર પોતાના કબ્જાની હીરો હોન્ડા કંપનીની મોટર સાયકલ જેના રજી.નં. GJ-25-D-9555 ની પોતાના સગીર વયના દિકરા પિયુષ ઉ.વ. ૧૭ વર્ષ ૧૪ દિવસનાઓને સગીર વયનો હોવાનું તથા વાહન ચલાવવાનું ડ્રાઈવીંગ લાયસન્સ નહી હોવાનુ જાણવા છતા, પોતાના સગીર વયના પુત્રને વાહન ચલાવવા આપી એમ.વી. એકટની કલમ–૧૯૯(એ)(૧)મુજબનો સજાને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શુ હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓ પરત્વેના અત્રે ની અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

**–:: કા ર ણો ::–**

**મુદ્દા નંબર :૧:**

(૭) **<u>પંચસાહેદોનો પુરાવો :–</u>**

આ કામમાં ફરીયાદપક્ષ તરફે આંક–૧૦ વાળા આરોપીને અટક અંગે પુછપરછનું પંચનામાના પંચ સાહેદ પ્રકાશ ભીખન ભરાડીયાને આંક–૦૯ થી તથા પંચસાહેદ આંનદભાઈ ખીમાભાઈ સોંદરવાને આંક–૧૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે આ બંને પંચસાહેદોએ પંચનામામાં તેઓની સહી હોવાનું જણાવેલ છે. જયારે આરોપી તરફેની ઉલટતપાસમાં તેઓએ તૈયાર લખેલ કાગળમાં સહી કરેલ હોવાનું જણાવેલ છે. આમ, ફરીયાદપક્ષે તટસ્થ અને સ્વતંત્ર સાહેદોના પુરાવાથી પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરેલ નથી તેમજ આંક–૧૦ વાળા પંચનામાની કોઈ હકીકત પુરવાર કરેલ નથી.

(૮) **<u>ફરીયાદી, સાહેદ તથા ત.ક.અમલદારનો પુરાવો :–</u>**

(૮.૧) આ કામમાં ફરીયાદપક્ષે આ કામનાં ફરીયાદી મેરામણ પાલાભાઈ ખોડભાયાને આંક–૦૭ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં પોતાની ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો રજુ રાખેલ છે અને જુબાની દરમ્યાન આંક–૦૮ થી અસલ ફરીયાદ રજુ રાખેલ છે. જયારે આરોપી તરફેની ઉલટતપાસમાં ફરીયાદીએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, અમો પેટ્રોલીંગમાં જઈએ તેની નોંધ સ્ટેશન ડાયરીમાં કરવામાં આવે છે. પેટ્રોલીંગમાં કેટલા વાગ્યે નીકળેલા તે અંગેની હકીકત તથા પેટ્રોલીંગમાં ખાનગી મોટરસાયકલમાં હતા તે અંગેની હકીકત ફરીયાદમાં જણાવેલ નથી. તેઓ બનાવ સ્થળે કેટલા વાગ્યે પંહોચેલા તે હકીકત ફરીયાદમાં જણાવેલ નથી. બનાવ સ્થળ નેશનલ હાઈવે ફોર ટ્રેક રોડ છે અને ત્યાં આજુબાજુમાં રહેણાંક મકાનો તથા દુકાનો આવેલી છે. બનાવ સ્થળે સતત મોટર સાયકલ તથા ફોર વ્હીલ તથા લોકોની અવર જવર રહે છે. પંચો બાપુનાકા વિસ્તારના છે. સગીરની ઉંમર અંગે તેમના તથા તેમના પીતાના જણાવ્યા સીવાય બીજી કોઈ રીતે મેં ખરાઈ કરેલ નથી. જયારે આ સિવાયની અન્ય હકીકતોને સદર ફરીયાદીએ ઉલટ તપાસમાં નકારી કાઢેલ છે.

(૮.૨) આ કામમાં ફરીયાદપક્ષે આ કામનાં સાહેદ રામદે સવદાસભાઈ ભેડાને આંક–૧૫ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં ફરીયાદીની ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો રજુ રાખેલ છે જયારે આરોપી તરફેની

ઉલટતપાસમાં સાહેદે એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, અમો પેટ્રોલીંગમાં જઈએ તેની નોંધ સ્ટેશન ડાયરીમાં કરવામાં આવે છે. અમો પેટ્રોલીંગમાં ખાનગી મોટરસાયકલમાં હતા.બનાવ સ્થળ નેશનલ હાઈવે ફોર ટ્રેક રોડ છે અને ત્યાં આજુબાજુમાં રહેણાંક મકાનો તથા દુકાનો આવેલી છે. બનાવ સ્થળે સતત મોટર સાયકલ તથા ફોર વ્હીલ તથા લોકોની અવર જવર રહે છે. પંચો બાપુનાકા વિસ્તારના છે. સગીરની ઉંમર અંગે તેમના તથા તેમના પીતાના જણાવ્યા સીવાય બીજી કોઈ રીતે મેં ખરાઈ કરેલ નથી. અમો પેટ્રોલીંગમાં નીકળેલા ત્યારે કાગળો બોલપેન વિગેરે સામગ્રી અમારી સાથે હતી. આ કામના પંચો જી.આર.ડી. સભ્યો હોય અવાર નવર પોલીસ સ્ટેશને આવતા હોય છે. પંચોને પોલીસ સ્ટેશને બોલાવેલા. કહેવાતા સગીર મોટર સાયકલ લઈને તેના પીતાની સંમતી વગર નીકળી ગયેલો. જયારે આ સિવાયની અન્ય હકીકતોને સદર સાહેદે એ ઉલટ તપાસમાં નકારી કાઢેલ છે.

(૮.૩) આ કામે ફરીયાદપક્ષ તરફે ત.ક.અ.,હરેશભાઈ પરબતભાઈ વરૂને આંક–૧૨ થી સોગંદ પર તપાસેલ છે અને તેઓએ તેમની સરતપાસમાં તેઓની તપાસની કાર્યવાહીને સમર્થનકારી પુરાવો રજુ રાખેલ છે અને જુબાની દરમ્યાન આંક–૧૩ થી સગીર પીયુષ અશોકભાઈ ગલનાઓનું સ્કુલ લીંવીંગ સર્ટીફીકેટ તથા આંક–૧૪ થી આર.સી.બુકની નકલ રજુ રાખેલ છે જયારે આરોપી તરફેની ઉલટતપાસમાં ત.ક.અમલદારે એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળો વિસ્તાર જાહેર વિસ્તાર છે અને ત્યાં આજુબાજુમાં દુકાનો તથા રહેણાંક મકાનો આવેલા છે તેમજ બનાવવાળો વિસ્તાર નેશનલ હાઈવે ફોર ટ્રેક છે. બનાવવાળા વિસ્તારે સતત મોટર સાયકલ અને ફોરવ્હીલ નીકળે છે. આ કામે અમોએ કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદન નોંધેલ નથી. મારી તપાસ દરમ્યાન એલ.સી.ની ખરાઈ બાબતે કોઈ સ્કુલના સ્ટાફ કે પ્રિન્સીપાલનું નીવેદન નોંધેલ નથી. જયારે આ સિવાયની અન્ય હકીકતોને સદર સાહેદે ઉલટતપાસમાં નકારી કાઢેલ છે.

(૯) ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા તેમજ આરોપી પર મોટર વાહન અધિનીયમ ૧૯૯(એ)(૧) મુજબના ગુનાનુ તહોમત હોય મોટર વ્હીકલ એકટ ૧૯૮૮ ની કલમ ૧૯૯(એ) ધ્યાને લેવી જરૂરી હોય, જે નીચે મુજબ છે.

''(૧) જયાં આ કાયદા હેઠળનો ગુનો કોઈ કિશોર દ્વારા કરવામાં આવેલ હોય, ત્યાં આવા

કિશોરના વાલી અથવા મોટર વાહનના માલિકને ઉલ્લંઘનનો દોષી ગણવામાં આવશે અને તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે અને તે મુજબ સજા કરવામાં આવશે.

પરંતુ આ પેટા કલમમાં જણાવેલ કોઈપણ બાબત આવા વાલી અથવા માલીકને આ અધિનિયમમાં આપવામાં આવેલી કોઈપણ સજા માટે જવાબદાર બનાવશે નહી, જો તે સાબિત કરે કે ગુનો તેની જાણ વગર કરવામાં આવ્યો હતો અથવા તેણે આવા ગુનાને રોકવા માટે તમામ યોગ્ય ખંતનો ઉપયોગ કર્યો હતો.''

ફરીયાદપક્ષે આંક–૦૭ થી ફરીયાદી મેરામણભાઈ પાલાભાઈ ખોડાભાયાને તપાસેલ છે. તેઓએ તેમની ફરીયાદમા એવી હકીકત જણાવેલ છે કે, ગઈ તા. ૧૬/૦૯/૨૦૨૫ ના રોજ અમો કુતિયાણા પોલીસ સ્ટેશન ખાતે પો.હે.કો. તરીકે ફરજ પર હતા તે દિવસે અમો તથા પો.હે.કો. આર.એસ. ભેડા કુતિયાણા પો.સ્ટે. વિસ્તાર પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન નેશનલ હાઈવે માજાપરા વિસ્તાર પાસે પહોંચતા એક ઈશમ પોતાના હવાલા વાળુ મો.સા. રોંગસાઈડમાં માનવ જીંદગી જોખમાય તે રીતે ચલાવી આવતો હોય જેથી તુરંત જ તેમને રોકી બે પંચોને બોલાવી તેનુ નામઠામ પુછતા પીયુષ અશોકભાઈ ગલ ઉ.વ. ૧૭ વર્ષ અને ૧૪ દિવસ, જન્મ તા. ૦૨/૦૯/૨૦૦૮ જણાવેલ. તેમને મો.સા.ના માલીક બાબતે પુછતા તેમના પીતા અશોકભાઈ ગોંવિદભાઈ ગલ હોવાનુ જણાવેલ જેથી તેમના પીતાને આ બાબતે પુછતા જણાવેલ કે, પીયુષને મો.સા. આવડતી હોય તેથી કયારેક કયારેક મારા કામકાજ માટે જતો હોય છે, પરંતુ આજરોજ અમો ઘરે હાજર ન હતા જેથી તે અમોને કહયા વગર તેમના મીત્ર સાથે આ મો.સા.લઈને નીકળી ગયેલ તે દરમિયાન તમો પોલીસને માંજાપરા નેશનલ હાઈવે પર રોંગ સાઈડમાં મળી આવેલ હોય તે બાબતનુ પંચનામુ તા. ૧૬/૦૯/૨૦૨૫ ના રોજ ક: ૧૭–૪૫ થી ૧૮–૧૫ નુ અમારા રૂબરૂનુ કરેલ.

ફરીયાદપક્ષે તપાસેલ આંક–૦૭ થી ફરીયાદી, આંક–૧૨ થી તપાસ કરનાર અમલદાર તથા આંક–૧૫ થી સાહેદની જુબાનીથી એવી હકીકત રેકર્ડ પર આવેલ છે કે, સગીર તેના વાલીની જાણ બહાર તેઓની ગેરહાજરીમાં વાહન લઈને નીકળેલ છે. મોટર વ્હીકલ એકટ ની કલમ ૧૯૯(એ)(૧) વંચાણે લેતા સગીરે વાલી ની જાણ બહાર ગુનો કરેલ હોય તો તેવા કેસમાં વાલી વિરૂધ્ધ ગુનો બને નહી.

**(૧૦)** ફરીયાદપક્ષે આંક–૧૩ થી સગીરનુ સ્કુલ લીંવીંગ સર્ટીફીકેટની ઝેરોક્ષ નકલ રજુ રાખેલ છે. ફરીયાદપક્ષે આંક–૧૨ થી તપાસેલ તપાસ કરનાર અમલદારે તેમની ઉલટ તપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, મારી તપાસ દરમ્યાન એલ.સી.ની ખરાઈ બાબતે કોઈ સ્કુલના સ્ટાફ કે પ્રિન્સીપાલનુ નીવેદન નોંધેલ નથી જે ધ્યાને લેતા બાળ આરોપી ગુના સમયે સગીર હોય તેવી હકીકત દસ્તાવેજી પુરાવાથી રેકર્ડ પર આવતી નથી. તેમજ તેમની ઉલટ તપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, તેઓએ આ કામે સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. આમ,ઉપરોકત ચર્ચાની વિગતે આ કામના આરોપી સામેનો કેસ ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય આરોપીને આ ગુનાના કામેથી છોડી મુકવા ન્યાયના હિતમાં લાગે છે અને તેથી આ કામની ઉપરોકત વિગતવાર ચર્ચેલ તમામ હકીકતો જોતાં મુદા નં.–૦૧ નો નિર્ણય નકારમાં ઠરાવવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

આ કામનાં આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૮(૧) અન્વયે એમ.વી.એકટની કલમ–૧૯૯(એ)(૧) મુજબના શિક્ષાને પાત્ર ગુનાના આરોપમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

આરોપીએ બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧(૧) મુજબ અપીલના કામે જરૂર પડયે હાજર થવા બાબતેના છ માસ સુધીની મુદતના રૂા. ૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા અત્રેની કોર્ટમાં આપવાના રહેશે.

હુકમ આજરોજ તારીખ ૧૮મી, માહે–જુન, સને–૨૦૨૬ ના રોજ વાંચી, સંભળાવી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખ : ૧૮–૦૬–૨૦૨૬
સ્થળ : કુતિયાણા.

**(કલ્પેશભાઈ લક્ષ્મણભાઈ નાડીયા)**
(CODE No. GJ 01433)
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
કુતિયાણા.